ગુજરાત  મેટ્રો રેલ કોર્પોરેશન(જી.એમ.આર.સી) લી. તારીખ ૦૭.૦૨.૨૦૨૬

# પ્રેસ નોધ

---

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આગામી ICC મેન્સ T-20 વર્લ્ડ કપ ડે/નાઈટ ક્રિકેટ મેચો તા. ૦૯/૦૨/૨૦૨૬, ૧૧/૦૨/૨૦૨૬, ૧૪/૦૨/૨૦૨૬, ૧૮/૦૨/૨૦૨૬, ૨૨/૦૨/૨૦૨૬, ૨૬/૦૨/૨૦૨૬ તથા તા. ૦૮/03/૨૦૨૬ (ફાઇનલ મેચ અમદાવાદ ખાતે યોજાશે તો) ના રોજ યોજાનાર છે જેને ધ્યાનમાં રાખીને, GMRC દ્વારા ઉલ્લેખિત તારીખોએ અમદાવાદ તથા ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન સેવાઓને માત્ર મેચના દિવસો માટે જ મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કરેલ છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓ હાલમાં સવારે ૦૬:૨૦ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી કાર્યરત છે તેમજ ગાંધીનગર કોરિડોરમાં મોટેરા સ્ટેડિયમ અને મહાત્મા મંદિર વચ્ચે મેટ્રો સેવાઓ સવારે ૭:૩૦ વાગ્યાથી રાત્રિના ૭:૪૦ વાગ્યા સુધી કાર્યરત છે.

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ડે/નાઈટ ક્રિકેટ મેચના દિવસોમાં, GMRC દ્વારા રાત્રિના સમય દરમ્યાન નીચે મુજબ સ્પેશિયલ મેટ્રો ટ્રેન સેવાઓ સંચાલિત કરવામાં આવશે:

| **મૂળ સ્ટેશનથી ગંતવ્ય સ્ટેશન** | **સમયમર્યાદા** |
|---|---|
| મોટેરા સ્ટેડિયમથી એપીએમસી | રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી |
| ઓલ્ડ હાઇકોર્ટ ઇન્ટરચેન્જથી વસ્ત્રાલ ગામ | રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૫૦ વાગ્યા સુધી |
| ઓલ્ડ હાઇકોર્ટ ઇન્ટરચેન્જથી થલતેજ ગામ | રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૫૦ વાગ્યા સુધી |
| મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર | મધ્યરાત્રિના ૧૧:૪૦ વાગ્યે તથા મધ્યરાત્રિના ૧૨:૧૦ વાગ્યે |

રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાવેલ સમય દરમ્યાન મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર (મોટેરા સ્ટેડિયમથી એપીએમસી તથા વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ) પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરી શકશે.

**ગાંધીનગર જવા માટે, મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી રાત્રે બે વધારાની મેટ્રો ટ્રેન મધ્યરાત્રિના ૧૧.૪૦ કલાકે અને મધ્યરાત્રિના ૧૨.૧૦ કલાકે ઉપડશે.**

આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે T-20 મેચ ના દિવસ માટે જ મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. સ્પેશિયલ પેપર ટિકિટની વિશેષતાઓ નીચે મુજબ છે.

૧. સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ફ્લેટ ₹ ૫૦ રહેશે. આ ટિકિટનો ઉપયોગ લંબાવેલ સમય દરમ્યાન મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી તેમજ ગાંધીનગરમાં મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકશે.

૨. સ્પેશ્યલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ (GMRC ટ્રાવેલ કાર્ડ અને NCMC કાર્ડ), QR ડિજિટલ ટિકિટ તથા QR પેપર ટિકિટ સાથેની એન્ટ્રી પણ રાબેતા મુજબ રાત્રિના ૧૦ વાગ્યા સુધી નિયમિત ભાડા પર ઉપલબ્ધ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર તથા મોબાઇલ એપ મારફતે અગાઉથી ખરીદેલ કોઈપણ ટિકિટ (QR / TOKEN) રાત્રિના ૧૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં.

૩. રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ જ માન્ય રહેશે.

૪. સ્પેશ્યલ પેપર ટિકિટ મેચના દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઇકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ, જીવરાજ પાર્ક, જીએનએલયુ, ઇન્ફોસિટી, સેક્ટર-૧ તથા મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનો પરથી અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઇનમાં ઊભા રહેવાનું ટાળી શકાય.